# ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ૭૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી તા.૨૬/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૮.૩૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિધાર્થીઓ, વસાહતી ભાઇ-બહેનો અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસ દ્વારા પ્રાસંગીક પ્રવચનમાં યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે જે ઝડપથી આગળ વધી રહી છે તેમાં હજુ ઉત્તરોતર વધારો કરે તેવું આહવાન આપેલ. તેમજ સ્વચ્છતા બાબતમાં વધુ જાગૃતતા લાવવા જણાવેલ હતું. કાર્યક્રમના ઉદઘોષક તરીકેની કામગીરી ડૉ. જે. આઇ. નાણાવટી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. દિનેશ એચ. પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.













